# કાચા કામના કેદી રીવ્યુ સમિતિ અને તમે

## કાચા કામના કેદીની રીવ્યુ સમિતિ શું છે?

કાચા કામના કેદીની રીવ્યુ સમિતિ (UTRC) એ જિલ્લા કક્ષાની સમિતિ છે, જેની રચના એપ્રિલ ૨૦૧૫માં સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકાના આધારે થઇ છે. તેમણે ત્રણ મહિનામાં એક વખત ફરજિયાત જેલમાં છે તેવાં કેદીઓના કેસોનું રીવ્યુ કરવાનું હોય છે. કેસોના રીવ્યુના આધારે, તેઓએ દરેક કેસોમાં જરૂરી કાર્યવાહી કરી, કેદીઓને છુટા કરવાં અંગે તેમની ભલામણો સંબધિત અદાલતને રજુ કરવાની હોય છે.

## આ સમિતિના સભ્યો કોણ હોય છે?

આ સમિતિમાં પાંચ સભ્યો હોય છે, જેના અધ્યક્ષ જિલ્લાના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ હોય છે. સમિતિમાં નીચે મુજબના સભ્યો હોય છે:

- પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ – અધ્યક્ષ
- જિલ્લા કલેકટર – સભ્ય
- જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી – સભ્ય
- જિલ્લાની દરેક જેલનાં ઇન્ચાર્જ અધિકારી (જેલર) - સભ્ય / સભ્યો
- જિલ્લા પોલીસ વડા – સભ્ય

## સમિતિ કેવી રીતે કાર્ય કરે છે?

1. **તૈયારી:** જેલના સુપ્રિટેન્ડેટ બધા કેદીઓની યાદી કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરીને મોકલી આપે છે. તેનાં આધારે તે જમણીબાજુ દર્શાવેલ માપદંડો અનુસાર લાયકાત ધરાવનાર કેદીઓની યાદી બનાવે
2. **મીટીંગ:** પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ મીટીંગની અધ્યક્ષતા કરે છે. મીટીંગમાં સમિતિના સભ્યો પસંદ કરેલ યાદી (short list)ના નામો પર ચર્ચા કરી સંબંધિત અદાલતને વિચારણા માટે મુકે
3. **ભલામણો અને કાર્યવાહી :**સમિતિની ભલામણોની નોંધ કરવામાં આવે છે અને બધા સભ્યોને પહોચાડવામાં આવે છે તેમજ સંબંધિત અદાલતને વિચારણા માટે મોકલવામાં આવે છે.
4. **ફોલોઅપ:** સમિતિ તેમણે કરેલ ભલામણોનું મુલ્યાંકન પછીની મીટીંગમાં કરે છે તેમજ દરેક કેસની પરિસ્થિતિની પણ નોંધ કરે છે.

## શું સમિતિ દ્વારા તમારા કેસનું રીવ્યુ કરવામાં આવ્યું તેનો અર્થ એમ થાય કે તમને છોડવામાં આવશે?

ના, જો સમિતિ દ્વારા તમારા કેસનું રીવ્યુ થયું હોય અથવા તમારા કેસની ભલામણ કરવામાં આવી હોય તેનો અર્થ એમ નથી કે તમને છોડવામાં આવશે. તેમાં તમારો કેસ જે અદાલતમાં ચાલતો હોય ત્યાં તમારા વકીલ દ્વારા અરજી દાખલ કરવાની જરૂરત પડી શકે છે. અંતિમ નિર્ણય તમારો કેસ ચાલતો હશે તે અદાલત દ્વારા લેવામાં આવશે. તમે જેલ અધિકારી અથવા તમારા વકીલને તમારા કેસમાં થયેલ

## જો તમારો કેસ એકવાર સમિતિએ ધ્યાનમાં લીધો હોય તો શું ફરીથી ધ્યાનમાં લઇ શકે?

હા, સમિતિ દ્વારા એક કેસને ગમે તેટલી વાર રીવ્યુ કરી શકાય છે. જો સમિતિએ તમારા કેસમાં કોઈ ભલામણ ન કરી હોય અથવા સંબંધિત અદાલત/સત્તાધિકારીએ ભલામણને નામંજૂર કરી હોય, તો પણ સમિતિ દ્વારા તમારા કેસને ફરીથી રીવ્યુ કરી શકાય છે.

## જો તમે દોષી/ગુનેગાર સાબિત થઇ ગયા છો, તો શું UTRC તમારા કેસને રીવ્યુ કરશે?

હા, UTRC તમારો કેસ રીવ્યુ કરી શકે છે જો:
૧) તમે તમારી સજા પૂરી કરી લીધેલ હોય; અથવા
૨) માફીના કારણે તમને છુટવાનો અધિકાર મળ્યો હોય
સમિતિ તમને ન છોડવાનાં કારણોની તપાસ કરી, છોડવા માટે યોગ્ય પગલાં લેવાય તે અંગેની

## તમારો કેસ સમિતિની વિચારણા હેઠળ આવી શકે છે કે નહિ, તે તમે કોની પાસેથી જાણી શકે છો?

કોઈ પણ પ્રકારની મૂંઝવણ કે સવાલ અંગે તમે તમારા વકીલને અથવા જેલની મુલાકાતે આવતા વકીલને અથવા જેલ કાનૂની સેવા ક્લીનીકના પેરાલીગલ સ્વયંસેવકને પૂછી શકો છો.


CHRI
Commonwealth Human Rights Initiative
working for the *practical* realisation of human rights in the Commonwealth

**Commonwealth Human Rights Initiative**
3rd Floor, 55A, Siddhartha Chambers, Kalu Sarai, New Delhi - 110 016
Tel: + 91-11-43180200, +91-11-43180221 (Direct) Fax: +91-11-43180217
Email: info@humanrightsintiative.org. Website: www.humanrightsinitiative.org


## જો તમે કાચા કામના કેદી છો અને

- જો તમે કાચા કામના કેદી અને બહુ નાના અપરાધના અપરાધી છો, જેની સજા 2 વર્ષથી વધારેની ન હોય; અથવા
  (નાના અપરાધોમાં અમુક રકમ દંડ અથવા અમુક મહિનાની કેદનો સમાવેશ થાય છે.)
- જો તમારી ઉમર ૧૯ થી ૨૧ વર્ષની હોય અને તમે સાત વર્ષથી ઓછી સજાના ગુનાના આરોપી હોવ તેમજ તમને થયેલ વધારેમાં વધારે સજાની ૧\૪ સજા તમે પૂરી કરી દીધેલ હોય; અથવા
- જો તમે (ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૪૦૪, ૪૨૦ હેઠળ) ચોરી અથવા ઠગાઈ જેવાં નાના અપરાધો જેની વધારેમાં વધારે સજા બે વર્ષથી વધારે ન હોય; અથવા
- 60 DAYS — જો તમે ૬૦ કરતાં વધારે દિવસથી જેલમાં હોવ, જેમાં તમે કરેલ અપરાધની સજા ૧૦ વર્ષ કે ઓછી હોય અને હજી સુધી તહોમતનામું(ચાર્જશીટ) દાખલ ન થયું હોય; અથવા
- 90 DAYS — જો તમે ૯૦ કરતાં વધારે દિવસથી જેલમાં હોવ, જેમાં તમે કરેલ અપરાધની સજા ૧૦ વર્ષ કે તેથી વધુ હોય અને હજી સુધી તહોમતનામું(ચાર્જશીટ) દાખલ ન થયું હોય; અથવા
- 180 DAYS — જો તમે ૧૮૦ દિવસથી જેલમાં હોવ અને તમારા પર 'કેફી દ્રવ્યો અને મનઃપ્રભાવી પદાર્થ અધિનિયમ , ૧૯૮૫' હેઠળ કેફી દ્રવ્યોનો માન્ય જથ્થો રાખવાનો આરોપ હોય અને હજી સુધી તહોમતનામું(ચાર્જશીટ) દાખલ ન થયું હોય; અથવા
- તમે જે અપરાધના આરોપી છો તેની સજા જનમટીપ ન હોય અને તેમાંની અડધી સજા તમે પૂરી કરી લીધી હોય; અથવા
- 7 — જો તમે 'જામીનપાત્ર અપરાધ'ના આરોપી હોવ અને તમને ૭ દિવસ કરતાં વધારે જેલમાં રાખવામાં આવ્યા હોય;
  (જામીનપાત્ર અપરાધમાં આરોપીને જાત મુચરકાથી બાદ જામીન મળવાનો અધિકાર છે.)
- જો મેજીસ્ટ્રેટની કોર્ટમાંમાં કેસ ચાલે તેવાં 'બિનજામીનપાત્ર અપરાધ'ના આરોપી છો અને તેનાં પુરાવા એકઠા કર્યાના પહેલાં દિવસથી ૬૦ દિવસ સુધી કેસ શરુ ન થયો હોય;
  (એવો અપરાધ જેની સજા મેજીસ્ટ્રેટની કોર્ટમાં ૩ વર્ષ કરતાં વધારે ન હોય)
- જો કાયદા હેઠળ તમે સમાધાનપાત્ર અપરાધના આરોપી હોવ અથવા
  (સમાધાનપાત્ર અપરાધો સામાન્યરીતે ઓછા ગંભીર હોય છે અને તેમાં બે વર્ષથી ઓછી સજા હોય છે. ફોજદારી કાર્યવાહીનો કાયદો (CrPC)ની કલમ ૩૨૦માં સમાધાનપાત્ર અપરાધોની યાદી જણાવેલી છે.)
- જો તમે બિમાર અથવા અશકત હોવ અને તમને દાકતરી સારવારની જરૂર હોય; અથવા
- જો તમે માનસિક રીતે બિમાર હોય;
- જો તમને અદાલત દ્વારા જામીન મળી ગયા હોય અને તમે બોન્ડ અથવા જામીન આપી શકો તેમ ન હોવ; અથવા
- જો તમારી CrPCની કલમ ૧૦૭, ૧૦૮, ૧૦૯, અથવા ૧૫૧ હેઠળ અટકાયત કરવામાં આવી હોય; અથવા
- જો તમે મહિલા હોવ;

જેમાં જામીનપાત્ર અપરાધો, વધારેમાં વધારે સજા, મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલતા કેસોની યાદી જણાવવામાં આવી છે. તમે ક્યા પ્રકારનાં અપરાધના આરોપી છો અને તમારો કેસ UTRCના રીવ્યુ માટે માન્યતા ધરાવે છે કે નહિ તેની માહિતી તમે પેરાલીગલ સ્વયંસેવક અથવા જેલની મુલાકાતે આવતા વકીલ પાસેથી જાણી શકો છો.

## તો તમારો કેસ કાચા કામના કેદી રીવ્યુ સમિતિ (UTRC) દ્વારા રીવ્યુ માટે માન્યતા ધરાવે છે